‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૧૪

# ઘરતીને ખોળેથી – વલ્લભભાઈ મો. પટેલ



લોકભારતી પ્રકાશન – સણોસરા

‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૧૪

ધરતીને ખોળેથી

વલ્લભભાઈ મો. પટેલ

**લોકભારતી પ્રકાશન**

**સણોસરા – ૩૬૪ ૨૩૦**

**તાલુકા : શિહોર (જિ. ભાવનગર)**

**ગુજરાત. ભારત ( India )**

**પ્રકાશક :**

**નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.**

**આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩**

**ઇ-બુક આવૃત્તિ : ૨૦૧૫-’૧૬**

**સંકલન : જુગલકિશોર**

**૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.**

**ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨ / ઇ-મેઇલ :** jjugalkishor@gmail.com

# અનુક્રમણિકા

ઉપહાર ....................................................................................................3

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર ! ....................................4

ગ્રામસમાજમાં શિક્ષણ અંગેની માન્યતાઓ ....................................................................6

ધોળાની શાળામાંથી આંબલા ..................................................................................7

જમીનની સાથે જ જીવનની કેળવણી ........................................................................9

નોકરી અને રાષ્ટ્રીય લડતના દિવસો ........................................................................11


ગ્રામસેવા કોર્સ અને ખાદી–વિદ્યા ............................................................................13

વિદ્યાવિસ્તાર ...................................................................................................16

ઘરખેતી, કુટુંબ અને ગ્રામજીવનની વાતો ...................................................................20

શ્રી વલ્લભભાઈ પટેલ ........................................................................................26

# ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

# લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, “લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી.” ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ “ઝાડનાં પારખાં ફળ પરથી” એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને ‘કોડિયું’ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## ગ્રામસમાજમાં શિક્ષણ અંગેની માન્યતાઓ

સૌરાષ્ટ્રના નાના એવા ગામડામાં જન્મીને ગામઠી શાળામાં ચાર ચોપડીનો અભ્યાસ પૂરો કર્યો. ગામઠી શાળામાં આંક–પલાખાં અને વાંચતાં–લખતાં શીખવું તેનું નામ જ શિક્ષણ. આ ઉપરાંત શિક્ષક માર મારે તો જ છોકરાં ભણે. શિક્ષક મારે નહીં તો એ સારા શિક્ષક નથી. નિશાળે ભણતાં છોકરાં કામ ન કરે તો મા – બાપને એ ગમે છે. ભણે તે કામ ન કરે એવી માન્યતા શિક્ષક અને મા–બાપ સૌની હોય છે. જે સમાજમાં તે રહે છે તેની જવાબદારી કે ફરજનું કશું જ શિક્ષણ આપવામાં આવે તો તે બરાબર નથી તેમ સમાજના લોકો માનતા–સમજતા હતા. એટલે શિક્ષક આવી કશી પ્રવૃત્તિ કરતા નહીં. ચીલાચાલુ શિક્ષણ સિવાય કોઈ જ શિક્ષક વિશેષ પ્રવૃત્તિ કરતા ન હોઈ , એ બાબતમાં અમે કોરી પાટી જેવા હતા. સ્વદેશ , હિંદુસમાજ, સમાજસેવકો કે ગાંધીજીના નામથી પણ અમે અજાણ હતા. કોઈવાર શિક્ષકો બહાર ફરવા લઈ જાય અથવા ઇતર પ્રવૃત્તિ કરાવવા પ્રયત્ન કરે તો મા–બાપો તેને અવગણતા અને કહેતા કે માસ્તર ! ભાણાની માખી ઉડાડો, દુનિયાનું ડહાપણ રહેવા દો. આ અભણ મા –બાપ પોતાના આતિશ્રમના હિસાબે છોકરા કોઈ જ કામ ન કરે તેવું ઇચ્છતા. અદબ –પલાંઠી વાળીને ચાર દીવાલ વચ્ચેનું શિક્ષણ માલપરામાં પૂરું કરીને ધોળા આગળ ભણવા જવાનું વિચારાયું.

સામાન્ય રીતે ગામડાના ૫–૭ ટકા ખેડૂતો ધંધાકીય રીતે સ્વાવલંબી હોય છે. બાકીનામધ્યમ અને નાના ખેડૂતો દેવાદાર હોય છે. એ સ્થિતિમાં છોકરાઓને બહાર આગળ ભણવા મોકલવા તેમને માટે મુશ્કેલ હતું. એ વખતે અમારા કુટુંબ પાસે જમીન ન હતી. વિધવા બાએ અમને મજૂરી કરીને ત્રણ ભાઈઓને ભણાવવાની હિંમત દાખવેલી. તેઓ પોતે અભણ હોવા છતાં છોકરાઓને ભણાવવા સંપૂર્ણપણે તૈયાર હતાં. આ સમજણ – "આગવી સૂઝ"નું પરિણામ એ આવ્યું કે હું આગળ ભણવા જઈ શક્યો. ઘોડે ચડતા બાપના રાજ્યમાં છોકરાં ન સમાય પણ રેંટિયો કાંતતી માનાં છોકરાં મોટાં થાય , એ ન્યાયે મારાં બાએ જાતે આવીને ધોળા ખેતીવાડી સ્કૂલના શિક્ષકને ભલામણ કરી કે , "સાહેબ મારા છોકરાને ભણાવવાની કાળજી રાખજો. દાડિયું કરીને પૈસા મોકલીશ, પણ કચાશ ન રહે તે જોજો." વિધવા બાઈની આવી હિંમત જોઈને અમારા શિક્ષકે પણ કાયમ મારી વિશેષ કાળજી રાખી. ત્રણ વર્ષ સુધી દર વરસે પ્રથમ નંબરે પાસ થઈ ૧૦ રૂપિયાનું ઈનામ મેળવતો, અને ભણવાના ખર્ચમાં આ ૧૦ રૂપિયા ખૂબ જ ઉપયોગી બની રહેતા.

# ધોળાની શાળામાંથી આંબલા

ગામની નિશાળમાં ચાર દીવાલ વચ્ચે કદી ન જોયેલી ઘણી બાબતો નવી જાણવા મળી. રાજ્યની આ સ્કૂલમાં ખેતર સાથે ખેડૂતના છોકરા પૂરક ઉદ્યોગ જ્ઞાન –શિક્ષણની સાથે સાથે મેળવે તેવી ગોઠવણ હતી. ખેતી, સાબુ બનાવવાનું, વણાટકામ, સુથારી કામ – આટલા ઉદ્યોગોનું પૂર્વજ્ઞાન આપવામાં આવતું. આ કામ અંગેનું શિક્ષણ આપનાર શિક્ષકો તદ્દન ઓછું ભણેલા હતા. ભાવના, નિષ્ઠા, સમજણપૂર્વક શ્રમ એ બધી વાતો તેઓ જાણતા ન હતા . અમને ક્યાંથી શીખવી શકે ? પરિણામે મોટા ભાગના વિદ્યાર્થીઓ પરીક્ષા ખાતર જરૂરી કામ પતાવતા . તેમાં પણ અખાડા ! તો આમ ત્રણ વર્ષ ભણી રહ્યા ત્યાં આ શાળા બંધ થઈ ! હવે આગળ ભણવાની મૂંઝવણમાં હતો. એ જ સમયે પૂ. નાનાભાઈ અમારી શાળામાં વિદ્યાર્થીઓને આંબલા શાળામાં ભણવા આવવા ભલામણ કરવા આવેલા. ધોળાની શાળામાં, રાજ્ય આશ્રિત શાળા હોવાથી બધી જ સગવડ વિદ્યાર્થીઓને મળતી. આની સરખામણીમાં આંબલા શાળાની વાત તત્કાલ કોઈને રુચે એવી ન લાગી. જાતે કામ કરવું. ૩ કલાક ખેતી , કાંતણ, સફાઈ અને પાયખાનાં સફાઈ , હરિજનને અડવું, સાથે બેસીને બધાએ જમવું – આવી વાતોથી બધા જ વિદ્યાર્થીઓએ ના ભણી. ધોળા શાળા તો બંધ થઈ હતી. હવે ઘેર જઈને આગળ ક્યાં ભણવા જવું તે પ્રશ્ન હતો. ભાવનગરનું ખર્ચ પોસાતું ન હતું. આ સ્થિતિમાં આંબલા જોવા જવાનું અને ફાવે તો રહેવાનું વિચારી હું ૧૯૩૯માં જોવા –જાણવા આંબલા ગયો.

ગામની પ્રાથમિક શાળામાં પૂ. મનુભાઈ ભણાવતા હતા. તેમને મળીને સાથે લોકશાળામાં ગયો. લોકશાળાની શરૂઆત હોવાથી ૪ વિદ્યાર્થીઓ હતા . તેમની સાથે મારો પરિચય કરાવી જમવા સાથે લઈ આવવા તેમણે એક વિદ્યાર્થીને ભલામણ કરી.

જમ્યા પછી સાંજની પ્રાર્થના અને રાત્રિપ્રવૃત્તિ ચાલી. પૂ. મનુભાઈએ કરેલ વાતો સાંભળવાની મજા આવી.

અમે ચાર જણા ભણવા આવવા ઇચ્છીએ છીએ એવી વાત મેં જણાવી. શરૂઆતમાં વિદ્યાર્થીઓ શોધવા જતાં પણ આવતા નહીં, એવે વખતે ચાર જણા સામેથી આવે છે એ વાત જાણી પૂ . મનુભાઈને આનંદ થયો. પૂ. મનુભાઈએ સૌને લઈ આવવા જણાવ્યું. ભણવાની ફી નથી , ભોજનખર્ચ નથી. ઉપરાંત સાબુ, ફાનસ, ચોપડીઓ, કાગળ, પેન્સિલ વગેરે શાળા તરફથી મળશે; બે જોડી કપડાં, થાળી વાટકો અને બિસ્તર – આટલી ચીજો સાથે ભણવા આવવાનું હતું. હરિજનને ન અડવું હોય તો છૂટ , જમવા આગળ બેસવાની છૂટ. આમ નડતી બે મુશ્કેલીઓ દૂર થઈ. સૌથી મોટી મૂંઝવણ ખર્ચની ટળી. એટલે તેના આનંદ સાથે બીજા દિવસે ઘેર સૌને તેડવા ઊપડ્યો. ગામના સૌને અમે આંબલા ભણવા જઈએ છીએ તે ગમતું ન

હતું. હરિજનને અડવાની વાતથી સૌ ના પાડતા હતા. એની છૂટ મળી અને ભોજન–ખર્ચ નહીં એથી જનાર વિદ્યાર્થીઓના વાલીસંમત હતા. અમે ચાર જણા માલપરાથી આંબલા ભણવા ગયા.

પૂ. નાનાભાઈ , મનુભાઈ ભાવનગર શહેરની દક્ષિણામૂર્તિ છોડી ગામડામાં ભણાવવા આવેલા , ગાંધીજીની નવી દૃષ્ટિની કેળવણીનો લાભ ગામડાંના નબળા વર્ગના લોકોને આપવાની વાત મુખ્ય હતી. તેણે પૂ. નાનાભાઈને ગામડે જવા પ્રેરણા આપેલી. આર્થિક રીતે નબળા - ખેત ઊપજમાં રોકાયેલા કૃષિવર્ગનાં બાળકો, મજૂરનાં બાળકો - આ બધાંને તદ્ન ન નજીવા ખર્ચથી ભણાવવાના હેતુથી આંબલાની શાળા શરૂ કરેલી. ગામડે ગામડે છોકરાંઓને શોધવા છતાં વિદ્યાર્થીઓ મળતા ન હતા. જેઓને માટે આવી જહેમત ઉઠાવતા હતા તે ખેડૂતો અને મજૂરો આભડછેટના હાઉથી પોતાનાં બાળકોને ભણાવવા આંબલા મોકલવાની ના પાડતા હતા. આવી સ્થિતિમાં તેમણે નાણાં અને વિદ્યાર્થીઓ ઉઘરાવીને એકઠા કરી આંબલાની લોકશાળા ૧૯૩૯માં શરૂ કરી. અમે આ શાળાના પ્રથમ લૉટના વિદ્યાર્થી આઠ જણા જ હતા.

લોકશાળામાં થોડી જ સંખ્યા હતી તે સંસ્થા માટે તકલીફ હતી ; પરંતુ વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ હતી. સવારના ૫ વાગ્યે ઉઠાડવા પૂ. મનુભાઈ ભજન ગાતા આવે , વહાલના શબ્દો સાથે સૌને જગાડે , દાતણ કરવા સાથે જ બેસે. થૂંકવા માટે ખાઈ ખોદેલી ત્યાં જ થૂંકાય. આમ સવારના દાતણથી અમારું શિક્ષણકાર્ય શરૂ થતું. સફાઈકામમાં પણ સાથે જ રહેતા. નાસ્તા વખતે સાથે જ હોય. વિદ્યાર્થીઓની ખાવાની રુચિ અને પસંદગી અંગે વાત જાણીને ફેરફાર કરવાની ગોઠવણ કરતા. શ્રમકાર્યમાં ખેતી–ગોપાલન ઉદ્યોગો મુખ્ય હતા. તેમાં પણ પૂ. નાનાભાઈ અને પૂ. મનુભાઈ સાથે જોડાતા. બપોરના ભોજનમાં સાથે જમવા આવતા. જમતાં પહેલાં નખ , વાળ, પગનો મેલ વગેરે બધી બાબતો અંગે જાતે તપાસ કરી નખ કાપવા સુધીની સંભાળ જાતે જ લેતા. જમ્યા પછી વર્ગો અને રમત –ગમતમાં એક ટુકડીમાં પોતે જોડાતા. આમ સવારથી સાંજ સુધી સાથે જ રહેતા. આખા દિવસની બધી જ પ્રક્રિયાઓમાં શિક્ષણ આપવાની જહેમત લેતા. કોઈ પણ કાર્યમાં સાથે રહી પ્રથમ જાતે કામ કરીને શિક્ષણ આપવાનો તેમનો ક્રમ હતો. પાયખાનાં સફાઈમાં જાતે પ્રથમ જોડાતા . શ્રમમાં કોદાળી –પાવડો પ્રથમ પોતે લેતા. ગાયો દોહવા પોતે પ્રથમ જોડાતા. આને લીધે વિદ્યાર્થીઓ કોઈ પણ કામ કરવામાં નાનપ ન માનતા. દરેક કાર્ય કેવી રીતે કરવું, કેમ કરવું, કાર્યની સાથે જ તેના હેતુ અંગે પણ શ્રમ કરતાં કરતાં જ શિક્ષણ આપતા. સમજણ સાથેનો શ્રમ કરવામાં વિદ્યાર્થીઓને ખૂબ જ મજા આવતી. ૧૫ દિવસ આમ સાથે રહીને બધો કાર્યક્રમ ચાલ્યો. અલગ જમવા બેસવાનું , હરિજનને ન અડવાનું આ બધું આપોઆપ મટી જઈ અમે સમૂહમાં બેસી ભોજન લેવાનું શરૂ કરી દીધું. જીવંત શિક્ષણનું આ પરિણામ હતું.

## જમીનની સાથે જ જીવનની કેળવણી

અમને ખેતીના શ્રમકાર્યમાં સાથે રહીને દરેક શિક્ષકો શીખવવા આવતા. કોઈવાર પૂ. નાનાભાઈ કપાસ નીંદવા સાથે આવતા. ઢોરાવાળી કાંકરિયાટ જમીનમાં કપાસ સાથે પેહા પણ ઊગેલા હતા. પૂ. નાનાભાઈ કપાસ નીંદી નાખી પેહા ઊભા રાખતા. અમે એમને પાકના છોડ અને નીંદામણના છોડનો ભેદ બતાવતા તો અમને કહેતા, "આયાં મારે તમારી પાસે ભણવાનું છે." આટલા મોટા , ઘણું ભણેલા પ્રોફેસર ગામડાના નાના છોકરાઓ પાસેથી હોંશે હોંશે નીંદામણના પાઠ શીખવા તૈયાર થઈ જતા , એની પાસે શો હેતુ હતો તે આજે અમને અને સમાજને સમજાયો છે. નીંદતાં નીંદતાં ખેતી અંગેની અનેક વાતો થતી. જમીનના પ્રકાર, પાક, ઊપજ, બગીચા વગેરે અનેક પ્રશ્નોની ચર્ચા થતી.

આવી કાંકરિયાટ ઢોરાવાળી જમીનમાં ધારે આંબા વાવવા ખોદવા અમે સૌ સાથે જતા . આંબામાટેની આ જમીન કેવી ગણાય તેના જવાબમાં વિદ્યાર્થીઓ તરીકે અમે તેમને જણાવેલું કે , આ તો "ગધેડા ઉપર અંબાડી મૂકવાનો ધંધો" કહેવાય. સાંભળી પૂ. નાનાભાઈ મૂછમાં હસતાં વાતનો સ્વીકાર કરવાનો ભાવ દેખાડતા.

ખેતી સાથે જ ગૌશાળા–ગોપાલન ચાલતું. હંમેશાં ગાયોને દોહવા જવાનું , ખાણ દેવાનું, ચરાવવા જવાનું વગેરે કાર્યોમાં શિક્ષકો સાથે હોય જ. પ્રથમ તેઓ આ કામમાં જોડાતા. મકરસંક્રાંતિને દિવસે સંસ્થા પરિવારના બધા જ સભ્યો પહેલું કામ ગાયોને દોહવી , ગૌશાળા સફાઈ, ગાયોને ધમારવી વગેરે સમૂહમાં કરતા. નાહીને સૌ સાથે શેરડી ખાતા. ગોપાલનનું આ કામ કૃષ્ણ ભગવાને કરેલું, તેનું વ્યાખ્યાન પણ થતું. અમે ઘણીવાર ભાતું લઈને સવારથી સાંજ સુધી ડુંગરામાં ગાયો ચરાવવા ગયા હતા. શિક્ષણ અને શ્રમનો અનુબંધ–સમન્વય લોકશાળાના શિક્ષણનો પ્રાણ હતો. શિક્ષકો પ્રથમ આ કામમાં જોડાઈને શિક્ષણ આપતા, એથી એ ઊગી નીકળતું તે વ્યવહારુ શિક્ષણ બન્યું.

અમારા ગૃહપતિ પૂ. મનુભાઈ હતા અને ગૃહમાતા પૂ. વિજયાબહેન હતાં. રસોઈ બરાબર થાય એની પૂરતી કાળજી રાખવી , જમવા વખતે હાજર રહેવું , માંદગીમાં દવા વગેરેની સંપૂર્ણ કાળજી તેઓ રાખતાં. જાતે સારસંભાળ રાખવી એ એમની વિશિષ્ટતા હતી. દવા પિવડાવવી , બામ ઘસી આપવું – આ કામો તો કરતાં જ. એક વખત એક વિદ્યાર્થીને બેભાન અવસ્થામાં જાજરૂ થઈ જવાથી ચડ્ડી બગડેલી. તે પણ તેઓએ જ સાફ કરેલી. આટલી આત્મીયતા અમે શિક્ષણ લેતાં અનુભવી છે. રાત્રે સૂતી વખતે ગૃહપતિ અને ગૃહમાતા – જેમને અનુકૂળતા હોય તે આંટો મારીને વિદ્યાર્થી પથારીમાંથી દડીને દૂર ખસી ગયા હોય તેને પથારીમાં સૂવડાવવા , ઓઢાડવા આવતાં. આત્મીયતાની આવી લાગણીસભર હૂંફ અને ભાવથી અમારા સૌનાં મન જિતાયેલાં – બંધાયેલાં રહ્યાં છે. આ લોકશાળાના જીવંત શિક્ષણનો પાયો છે.

સંસ્થા પરિવારના દરેક સભ્યની આવી સંભાળ રાખતાં વિજયાબહેનને અમે કાયમ જોયાં – અનુભવ્યાં છે. આ અનુભવમાંથી સૌને શિક્ષણ અને દૃષ્ટિ મળે જ છે. શ્રમકાર્યમાં , કોઠારમાં કે કોઈપણ કામમાં થતી ભૂલો માટે શિક્ષાનો ક્રમ ન હતો, પરંતુ પાસે બેસાડીને સમજ આપવામાં આવતી. એક વખત કોઠારમાં ગોળ કાઢતાં કોશથી પિત્તળની પવાલીને કાણું પડી ગયું. મનમાં બીક હતી, બહુ વઢશે. કામ પૂરું થયે આ વાતની જાણ કરી. પૂ. મનુભાઈ રૂબરૂ જોવા આવ્યા. અજાણતાં થયેલી ભૂલ માટે ફરી ન થાય તેવી રીત બતાવી અને સમજણ સાથે શાંતિથી વાત સમજાવી. બીક અથવા સજાને બદલે શાંતિથી આપેલ સમજણનું શિક્ષણ એટલું અસરકારક હતું કે એ વાત આજે પણ હજુ ભુલાતી નથી કોઈ પણ વાત તેમને અને સૌને બીક વિના કહેવાની હિંમત તેમણે અમને કાયમને માટે બક્ષિસ દીધી. વિદ્યાર્થીઓ મુક્ત મને વર્તી શકે તેવી શિક્ષણ પદ્ધતિ લોકશાળાનો પાયો હતો– છે.

પ્રવાસ દર વરસે બે વખત કરાવતા. પગે ચાલીને જવું, ઊંડા ધરામાં ધૂબકા દેવા, સમુદ્રમાં તરવા પડવું, ઊંચા ડુંગરાઓ પર સીધાં ચઢાણ કરવાં –આવા બધા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓની શક્તિ ખીલવવાપ્રયત્ન થતો.

દિલ્હી–આગ્રાના પ્રવાસે ગયેલા અને રૂ. ૨૧નો ખર્ચ થયો. વૅકેશનમાં ઘેરથી આ પૈસા લાવવાના હતા. ઘેરથી પૈસા ન મળતાં મને ભણવા જવાનું નથી તેવો હુકમ થી મળી ગયો. દાડી કરીને નાણાં ભેગાં કરવાનું નક્કી કરી લોકશાળામાં જઈશ એવા નિર્ણય સાથે દાડી શરૂ કરી. સત્ર શરૂ થતાં મારી ગેરહાજરી જોઈ પૂ. મનુભાઈ મારે ઘેર આવ્યા અને મારાં બાને પૂછી હકીકત જાણી. પૈસા વિના ભણવાનું ન અટકે એટલા માટે રસ્તો કાઢી આપ્યો. "ભણી રહ્યા પછી નોકરી કરીને પ્રવાસના પૈસા આપે." એમ જણાવી મને ભણવા આવવાની સગવડ કરી આપી. ભણવા જવાની સગવડ મળી ગઈ તેથી મનથી રાજીપો અનુભવ્યો. દાડીના થોડા પૈસા થયા તે લઈને ભણવા પહોંચી ગયો. ત્રણ વર્ષને અંતે ગૃહપતિની નોકરી કરી પગારના પ્રથમ પૈસા મેં ભરી આપ્યા. આ અને આવા અનેક પ્રયાસોથી અમારી તથા અમારા કુટુંબની તેમના તરફ મમતા બંધાઈ. આજે પણ એ પ્રસંગને યાદ કરતાં અમે સૌ તેમની લાગણી માટે ગદગદિત થઈ જઈએ છીએ.

લોકશાળાના ત્રણ વર્ષના ભણતરના દિવસોને યાદ કરીએ છીએ તો આજ એ દિવસો જિંદગીના સૌથી વિશેષ આનંદના દિવસો માલૂમ પડે છે. ખાવું –પીવું, ભણવું, રમત રમવી અને લહેર કરવી એ સિવાય કોઈ ભાંજગડ નહીં. મુક્ત મને આ પ્રકારનું શિક્ષણ મેળવવા બદલ અમે અમારી જાતને ભાગ્યશાળી ગણીએ છીએ.

# નોકરી અને રાષ્ટ્રીય લડતના દિવસો

લોકશાળાના શિક્ષણ પછી પૂ. મનુભાઈ સાથે આસિ. ગૃહપતિની કામગીરી મારે સંભાળવાની હતી. ઘણા કામમાં રોકાએલારહેવા છતાં સતત શિક્ષણ પદ્ધતિનો અનુભવ મેળવતાં ખૂબ જ મઝા આવતી.

૧૯૪૨ની લડતમાં પૂ. નાનાભાઈ , પૂ. મનુભાઈ અને ૧૦ જેટલા વિદ્યાર્થીઓ સત્યાગ્રહમાં જેલ ગયેલા. મને પૂ. મનુભાઈનો ઑર્ડર મળેલો કે તારે સત્યાગ્રહમાં જવાનું નથી. લોકશાળા-ગૌશાળા વગેરેની કામગીરી સંભાળવા ઘેર જ રોકાવું. શાળા બંધ થઈ. સત્યાગ્રહી કેદીઓને લોકશાળામાં રાખવામાં આવ્યા. અમે ૨–૩ શિક્ષકો અને પૂ. વિજયાબહેન ગૌશાળાનાં મકાનમાં રહેવા લાગ્યાં. આઠ –દસ મહિને લડત પૂરી થઈ, ફરી શાળા શરૂ થઈ.

ભાવનગર સ્ટેટ સામે તે વખતનો એક બહારવટિયો ગેમલો બહુ રંજાડી હતો. સ્ટેટનાં ઘણાં ગામડાંઓમાં ધાડ પાડી કંઈક જણનાં ખૂનો કર્યાં. કેટલાય ખેડૂતોના હાથપગ કાપ્યા, અનેકોનાં ધીંહરાં કર્યાં. પ્રજા તેના બહારવટાથી ત્રાહિમામ થઈ ગઈ. સર્વત્ર ભય વ્યાપી ગયો. એક વખત આ ગેમલો બહારવટિયો ડુંગરાઓમાં સંતાયેલો અને રાત્રે આંબલા ગામના માધા પટેલને ત્યાં જવા સંસ્થાના મકાનની બાજુએ થઈને નીકળ્યો. પૂ. નાનાભાઈ ઉઘાડે ડીલેમોડી રાત્રે ફરવા નીકળેલા. અંધારામાં પૂ. નાનાભાઈએ પૂછ્યું “કોણ ?” સામેથી કડકાઈમાં જવાબ મળ્યો, “તમે કોણ ?”

જવાબ : હું, નાનાભાઈ

સામો જવાબ : હું, ગેમલો.

પ્રશ્ન : આમ અંધારી રાત્રે ક્યાં ઉપડ્યા ?

જવાબ : આંબલા ગામમાં માધાભાઈની ખબર કાઢવા જવું છે.

પૂ. નાનાભાઈ : મારા ગામમાં જવું હોય તો પહેલાં હું અહીં પાદરમાં રહું છું. તેને મળી ખબર કાઢી પછી ગામમાં જવાય.

તેણે આવીને પૂ. નાનાભાઈને પાયલાગણ કર્યાં અને જણાવ્યું કે નાનાભાઈ આપની ખબર કાઢવાની નથી. માધાભાઈ અને... ભાઈની થોડીક ખબર લેવાની છે.

ગામમાં ખબર પડી કે ગેમલો આવે છે. સોપો પડી ગયો. બજારો સૂની થઈ ગઈ. દરવાજા, ડેલીઓ બંધ થઈ ગઈ. ભયનું સામ્રાજ્ય છાઈ ગયું.

સુખુભા હાથમાં તલવાર રાખતા , તે તો કોઠીમાં સંતાઈ ગયા. પૂ. નાનાભાઈએ ગેમાભાઈના બે હાથ પકડી ઉઠાવ્યા અને જણાવ્યું કે હું બ્રાહ્મણ , જે ગામને પાદર બેઠો હોઉં તે ગામના કોઈ પણ માણસને મારતાં પહેલાં મને મારીને જવાય. આમ જણાવી જનોઈના તાર હાથથી ઊંચાનીચા કરતા બંને જણા સામસામે ઊભા રહ્યા.

"ચાલો અમારા આશ્રમમાં." બંને જણા લોકશાળાના મકાને આવ્યા. બંને વચ્ચે એકાદ કલાક વાર્તાલાપ ચાલ્યો. બહારવટમાંથી પોતે પાછો વળી શકે તેમ નથી. પણ તેમની સાથેનો બીજો સાથી બહારવટિયો રાજ્યના ગુના કબૂલ કરી બહારવટું પડતું મૂકવા ખુશી છે. થોડા દી ' પછી બીજી મુલાકાત ગોઠવી છૂટા પડ્યા. ગામમાં જવાને બદલે સીધા ડુંગરામાં જવા નીકળ્યા. "આજથી આંબલા ગામમાં નહીં આવું" એમ કહી અંધારામાં અલોપ થઈ ગયા.

મોડી રાત્રે આંબલા ગામમાં બંધ પડેલી ડેલીઓના દરવાજા ખૂલ્યા , હળવાશ અનુભવતા સૌ મનોમન નાનાભાઈનો આભાર માનતા લોકશાળામાં પૂ. નાનાભાઈને મળવા આવ્યા. તમે ગેમલાને પાછો વાળ્યો એ બહું સારું થયું. આનંદની લાગણી સાથે સૌ મોડી રાત્રે અંધારામાં પણ નિર્ભયપણે ઘેર પહોંચ્યા.

થોડા દિવસ પછી રાજ્યના પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી છોટુભાઈ સાથે ગેમાભાઈની બેઠક લોકશાળામાં બોલાવાઈ , બન્ને પક્ષે પૂ. નાનાભાઈએ વાટાઘાટ ચલાવી.વેરઝેરથી તરબોળ ગેમાભાઈ , શસ્ત્રોથી સજ્જ છેલભાઈ , એ બંનેની વચ્ચે જનોઈધારી ઉઘાડે ડિલે – પૂ. નાનાભાઈ. ત્રિકોણાકારે સભા મળી. ચર્ચાને અંતે સમાધાન થયું. ગેમાભાઈના સાથીદારે ત્યાં જ નાનાભાઈને ચરણે બંદૂક – જમૈયા ભેટ ધર્યા અને પોતાના ગુના કબૂલી જેલમાં વાસ સ્વીકાર્યો. ગેમાભાઈએ આંબલાને નહીં પણ સમગ્ર ભાવનગરની હદમાં ક્યાંય રંજાડ ન કરવા વચન આપ્યું. ગેમાભાઈને જમાડી મોડી રાત્રે રવાના કર્યા ત્યાં સુધી છેલભાઈને સંસ્થામાં જ રોક્યા. રાત્રીના બાર પછી તેમને જવા દેવાયા. રાજ્ય કે સમાજ જે ન કરી શક્યા તે વેરઝેરભર્યા બહારવટિયાને જનોઈધારી શિક્ષણકાર નાનાભાઈએ એકલે હથિયાર હેઠાં મુકાવી બીજાને રંજાડતો બંધ કર્યો. શસ્ત્રથી ન થાય તે શાસ્ત્રથી કરી બતાવતા નાનાભાઈને વંદન કરી રાજ્યના પોલીસવડા વિદાય થયા.

લોકશાળાના વિદ્યાર્થીઓને આવા પાઠ ભણવાનો અવિધિસરના શિક્ષણમાંનો એક પાઠ પચી ગયો.

## ગ્રામસેવા કોર્સ અને ખાદી–વિદ્યા

૧૯૪૪માં સેવાગ્રામ એક વર્ષ માટે ગ્રામસેવા કોર્સમાં ભણવા ગયો. પૂ. મનુભાઈ , વિજયાબહેન સાથે ગયો. પૂ. ગાંધીજીના આશ્રમમાં ૮ દી' પ્રથમ રહ્યા, પછી ખાદીવિદ્યાલયમાં દાખલ થયા.

ખાદી વિદ્યાનો કોર્સ કપાસ લોઢવાથી કાપડ બનાવવા સુધીની બધી કામગીરી શીખવાનો હતો. વિદ્યાલયના નિયમો પણ વધુ કડક હતા. સ્વારના ૪–૩૦ વાગ્યે ઊઠવાનું, ગૃહકાર્ય, દળવું, રસોઈ કરવી, ૮ કલાક ઉદ્યોગ અને સાંજના વર્ગો. જમવામાં મરચાં –મસાલાં વિનાની સારી રસોઈ. ઘી નહીં – દૂધ, ફળ મર્યાદામાં મળતાં. સાદું ભોજન અને દમભર શ્રમ. શરૂઆત થોડી આકરી થઈ પરંતુ ટેવાઈ ગયા અને એક વર્ષ સારધાર ભણી લેવાનું મનથી નક્કી કર્યું.

ખાદી વિદ્યાનાં બધાં કાર્ય – લોઢવાનું, પીંજવાનું, કાંતવાનું, રેંટિયા બનાવવા, તાંત બનાવવી અને વણતાં પણ શીખવાનું . આ બધાં કાર્યોમાં ઝડપી પ્રગતિ કરેલી. શિક્ષકોની ધારણાથી વિશેષ પ્રગતિ બતાવેલી. પરીક્ષામાં બેઠા સિવાય પાસ થઈ ગયાની શિક્ષકોની ભલામણ મળી ગઈ. છેલ્લે પરીક્ષા ન આપી અને કોર્સ પૂરો કર્યો.

હિન્દુસ્તાનભરના ૮૦ વિદ્યાર્થીઓ એક છાત્રાલયમાં હતા. હિન્દી ભણવાની પ્રથમ પરીક્ષા સૌની સાથે મેં પણ આપી. પ્રથમ નંબરે પાસ થયો. તે અંગે પ્રમાણપત્ર અર્પણવિધિ પૂ. ગાંધીજીના હાથે રખાયો. પ્રથમ પ્રમાણપત્ર મેળવતાં મને ખૂબ આનંદ થયેલો. ગાંધીજીની ભલામણ પણ મળી કે ૭ વર્ષ હિન્દી શિક્ષણની સેવા કરવાની. મેં સહર્ષ સ્વીકાર કર્યો. આંબલા આવીને હિન્દી વિનીત થયા પછી ૭ વર્ષ હિન્દી પરી ક્ષક તરીકે વિના મૂલ્યેસેવા આપી.

સેવાગ્રામમાં એક શરદપૂનમે રાસ –ગરબાનો કાર્યક્રમ યોજેલો , જે જોઈને પૂ. ગાંધીજી અને આશ્રમવાસીઓ અત્યંત ખુશ થએલા. આંબલાની રાસ–ગરબીનાં ખૂબ વખાણ થયાં. આજે પણ આંબલાની રાસ–ગરબી દેશભરમાં અગ્રસ્થાને છે, તેનો અનુભવ ૧૯૮૩ના એશિયાડ વખતે આપણને સૌને તાજો થયો.

૧૯૪૨થી ૧૯૫૪ સુધી આંબલા સંસ્થામાં જ કામ કર્યું. ૫ વર્ષ લોકશાળામાં શિક્ષણ વિભાગમાં કામ કર્યા પછી ૩ વર્ષ આંબલા ગામની પ્રાથમિકશાળા સંભાળી. ગામની પ્રા. શાળામાં ૩ શિક્ષક અને બે બાળકો વિદ્યાર્થીઓની સંખ્યા એટલી ઘટી કે વિદ્યાર્થીદીઠ એક શિક્ષક રોકે તોપણ એક શિક્ષક વધે. પૂ. નાનાભાઈ , મનુભાઈની ચિંતા વધી. મને શાળામાં ભણાવવા જવા ભલામણ કરી. વડીલોના સૂચનને વધાવી શાળાએ ભણાવવા જવાનું શરૂ કર્યું. નિયમિત શાળાએ જવું , બરાબર ભણાવવા ઉપરાંત ઘેર ઘેર જઈ માબાપનો સંપર્ક શરૂ કર્યો. પરિણામે સંખ્યા વધતી ગઈ. એકાદ મહીનામાં ૩૦૦ બાળકોથી શાળા ભરાઈ ગઈ. પૂ. નાનાભાઈ અવારનવાર મુલાકાત લેતા. છેલ્લે શાળાની મુખ્ય શિક્ષકની જવાબદારી મારે લેવાની નક્કી

થઈ. શાળાને અધ્યાપનમંદિરની પ્રેક્ટિસિંગ સ્કૂલ બનાવવામાં આવી. સંસ્થાની વચલી વાડીએ શાળા ફેરવી. કિચન–ગાર્ડન અને ખેતી સાથે અનુબંધ ધરાવતી શાળા બનાવી. જિલ્લાભરની શાળામાં નમૂનેદાર શાળા બની રહી. ગામના લોકો પણ ખુશ હતા. છેલ્લે ૩ વર્ષ પછી સંસ્થાની ખેતી અને બગીચા વિભાગની જવાબદારી સંભાળવાની વાત થઈ. શાળાનું કામ બીજાને સોંપી બગીચાની કામગીરી ૫ વર્ષ માટે સંભાળી. ઢોરાવાળી જમીનમાં આંબા, ચીકુ, જમરૂખની વાડી બનાવી. ખામણાં ગાળવાં, કલમો રોપવી, કૂવો ગાળવો – આવાં અનેક પ્રત્યક્ષ કામમાં પૂ. મનુભાઈ સાથે રહેતા. આ કામમાં મને સૌથી વધુ રસ પડતો. ૫ વર્ષમાં અલ્હાબાદી–લખનૌ જમરૂખ , કાળીપત્તી ચીકુ અને કેસર આંબાનું સુંદર આંબાવાડિયું બની ગયું.
લોકશાળામાં શિક્ષણ મેળવવા – આપવા સાથે પ્રાથમિક શાળાનો અનુભવ અને છેલ્લે ખેતી –બગીચાની વ્યવસ્થા સંભાળતાં અનેક સુંદર વ્યવહારુ અનુભવો મેળવવામાં હંમેશ પૂ. નાનાભાઈના અનુભવની આગવી દૃષ્ટિનો લાભ મેળવવામાં સંસ્થાના વિદ્યાર્થીઓના લૉટમાં હું પ્રથમ હતો. એ દિવસોની યાદ આજે પણ તેટલી જ તાજી બની રહે છે.

- **લોકભારતીની સ્થાપના**

૧૯૫૩માં પૂ. નાનાભાઈ, મનુભાઈએ ઉચ્ચ શિક્ષણ સંસ્થા લોકભારતીની સણોસરામાં સ્થાપના કરી. લોકશાળામાં ભણીને આગળ ભણવાની ગોઠવણ ગામડાંમાં જ ઓછા ખર્ચે થાય અને ગામડાનો વિશાળ ગરીબ જનસમૂહ આ લાભ મેળવે તે લોકભારતીના શિક્ષણના પાયામાં હતું. શ્રમ સાથે શિક્ષણ અને ગામડાના ઉદ્યોગો –ખેતી–ગોપાલનનું શિક્ષણ એ વાત અગ્રસ્થાને હતી.

શિક્ષણ સાથે શ્રમનો અનુબંધ, ખેતી–ગોપાલન વિભાગમાં પ્રત્યક્ષ કામગીરી દ્વારા સહજ રીતે થતો. શિક્ષકો આવા કામમાં હંમેશ સાથે રહેતા. લાણીના કાર્યક્રમમાં સમગ્ર સ્ટાફ જોડાતો. ઑફિસ બંધ, ઑફિસના બધા જ કાર્યકરો , શિક્ષકો પૂ. નાનાભાઈ , પૂ. મનુભાઈ પણ કાંપો વાળીને લાણી કરવા લાગી જતા. બપોરનું ભાત ખેતર ઉપર જ આવે. સમૂહમાં ભોજન કાર્યક્રમ ચાલતો. આમ કામ કરવાનો મુખ્યત્વે શિક્ષણનો પાયાનો કાર્યક્રમ આ પ્રકારે ચાલતો.

આંબલાથી સણોસરા નવા કામ માટે કેટલાક કાર્યકરોને આવવાનું ઠરાવવામાં આવ્યું. પૂ. બુચભાઈ, પૂ. મૂળશંકરભાઈ , શ્રી રતિભાઈ , શ્રી મનુભાઈ દવે ઉપરાંત ૪ –૫ જણની સણોસરાના કામમાં જરૂર હોવાથી ફેરબદલી કરવાનું નક્કી થયું. ખેતીના કામ માટે મને પણ સણોસરા રહેવા આવવાનું કહેવામાં આવ્યું. અનુકૂળતા મુજબ સૌ સણોસરા રહેવા આવી ગયા. મને ખેતીની વ્યવસ્થાનું કામ સોંપવામાં આવ્યું.

આજે જ્યાં આમ્રવન અને હરિયાળી દેખાય છે , ત્યાં પ્રથમ ૧૯૫૩માં ખીજડાનાં મોટાં વૃક્ષો ઊભાં હતાં. નરદમ પથ્થર પડ્યા હતા. કાંટા –ઝાંખરાં અને આવળનું ઝુંડ હતું ; જમીન ઊંચી–નીચી અને અનેક વોંકળા – ઊંડી કોતરવાળી હતી. ધોળે દિવસે કોઈ નીકળવાની હિંમત ન કરે. અનેક વખત ત્યાંથી પસાર થનારને માર મારીને કપડાં–ઘરેણાં લૂંટી ગયાની વાતો સંભળાતી. આ વિસ્તારની જમીનનું સ્થાનિક નામ “આવળીઆટ” હતું. આવળનું વન એટલે આવળીઆટ.

શરૂઆતમાં ગામની અંદર મકાનો ભાડે રાખીને અને મોટી ધર્મશાળામાં રહેવાનું ગોઠવાયું. વિદ્યાર્થીઓ, ગૃહપતિ ધર્મશાળામાં, કેટલાક શિક્ષકો જિનમાં અને અમે કેટલાક કાર્યકરો ગામમાં ભાડે મકાન રાખીને રહેતા હતા.

ઉદ્‌ઘાટનના દિવસે સવારે નવ વાગે વિધિ હતો; પરંતુ તે દિવસે વહેલા ૬ વાગ્યે પૂ. નાનાભાઈ , મનુભાઈ, રતિભાઈ અને અમે ૫–૬ જણા સૌ આવળીઆટમાં હાથમાં મોગરી, કોદાળી લઈને ખેતર પહોંચી ગયેલા, ખેડેલી જમીનમાં ઢેફાં ભાંગવા અને આવળ –બોરડી ખોદવાનો કાર્યક્રમ ઉદ્ ઘાટનવિધિરૂપે એક કલાક કરવામાં આવેલો. પ્રથમ શ્રમની સ્થાપના થયા પછી નવ વાગ્યે ભાષણવિધિથી ઉદ્ ઘાટન કરવામાં આવેલું. હંમેશાં વિદ્યાર્થી–કાર્યકરોની ટુકડી ખેતીના કામ માટે ૩ કલાક ખેતરે જતી. પ્રથમ ખેતી માટે શ્રમ કર્યા પછી જ શિક્ષણકાર્ય ચાલતું.

શરૂઆતમાં આ ખેતીવાડી ઠીક કરવાનું કામ જરા કઠિન હતું. ૪ ટ્રેક્ટર અને ૫ –૭ હળ ભાડે રાખી જમીન ખેડવાનું શરૂ કરેલ. આગળ જંગલ કાપવાની ૧૫ જણની ટુકડી, પાછળ પથ્થર વીણવા મજૂરોની ફોજ અને પછી હળ ચલાવતી બળદોની ફોજ ચાલતી. અનેક દિવસો સુધીના સતત શ્રમ પછી થોડી સરખી જમીન ખેડાણી. સરખી થઈ.

નવા કૂવા ગાળવાનુંકામ પણ એટલા જ જોરશોરથી ચાલતું. ખેતીવાડીની સગવડ માટે એક નાનું દેશી નળિયાનું મકાન ચણવાનું શરૂ કરેલું. સતત ૬ મહિનાને અંતે નાના નાના ટુકડામાં થોડું વાવેતર કરી શકાય એવી કટકે કટકે જમીન તૈયાર થઈ.

શરૂઆતમાં ઘેરથી પાણીની ભંભલી ભરીને સાથે લઈ જતા. ત્યાં એક કૂવાની સરમાંથી પાણી ભરવાની સગવડ થઈ. બીજા પણ બે–ત્રણ કૂવા શરૂ કરેલા. ધીમે ધીમે જમીન ખેડી , પાળા બનાવી, કૂવા ખોદાવી ખેતીની શરૂઆત કરી. પાણીની સગવડ થઈ એટલે શાકભાજીની ખેતી પણ શરૂ કરી. બે વર્ષ પછી ખેતીના વિભાગમાં “પ્રયોગ વિભાગ” શરૂ કરવામાં આવ્યા.

# વિદ્યાવિસ્તાર

વિદ્યાર્થીઓના શિક્ષણના ભાગ તરીકે આ વિભાગમાં નવા પ્રયોગો કરવામાં આવતા. નવાં બી વાવવાં, વિલાયતી ખાતર , દવા –વપરાશથી ઊપજ વધારો વગેરે પ્રયોગો શરૂ કર્યા . આપ્રયોગો આસપાસનાં ગામના ખેડૂતો જોવા આવે એ માટે ખેડૂતદિન ઊજવતા. અને અહીંના સફળ પ્રયોગોના આધારે નાના પ્રમાણમાં ખેડૂતોના ખેતર ઉપર અખતરા કરવામાં આવતા. અખતરા માટે ૫૦ ટકા કિંમતે વિલાયતી ખાતર, બી, દવા વગેરે ખેડૂતોને આપતા. સંસ્થાની મોટરમાં લઈને ખેતરે આપવા જતા તોપણ લેવાની અને અખતરા કરવાની ખેડૂતો જલદી હા ન પાડતા.

નવા પ્રયોગોની સફળતા પછી ધીમે ધીમે સૌ ખેડૂતો રસ લેવા લાગ્યા. ઊપજ વધી અને ફાયદો થયો એટલે એ બાબતમાં રસ લેતા ખેડૂતોની વચ્ચે એક મિટિંગ રાખી. વધુ ઊપજ લેનાર ખેડૂતને હળ - સાંતીના ઇનામો પણ આપવામાં આવતાં. આમ આસપાસનાં ૧૦-૨૦ ગામોમાં આ પદ્ધતિથી ખેતીના નવા સફળ કાર્યક્રમો દાખલ કરવામાં આવ્યા. સૌને તેનો ફાયદો દેખાવા લાગ્યો.

સંસ્થાની જમીન ઉપર આંબા ,ચીકુ, નાળિયેર, બોર વગેરેની બાગાયતી ખેતી શરૂ કરવામાં આવી. ખેતીની પ્રગતિ સાથે જ એક દાતા તરફથી સંસ્થાને ૧૦૦ એકર જમીન અને બગીચો ભેટ મળ્યાં. કોડીનાર પાસે આ બાગ છે. અરણેજ –નવાગામનો આ બગીચો શ્રી જીવણલાલ શેઠને ખોટનો ધંધો હતો. પૂ. નાનાભાઈ પોતાની સાથે મને તે ફાર્મ જોવા લઈ ગયેલા. અવ્યવસ્થાને લીધે ખોટ હતી. સંસ્થાએ તે સંભાળ્યા પછી પહેલા વરસથી જ બગીચો નફાકારક બની ગયેલો. આજે શેઠશ્રીની બીજી ખેતીમાં પણ વ્યવસ્થા બદલીને નફાકારક બનાવવામાં અમે મદદ કરેલી.

આ નવાગામ અરણેજની પ્રથમ વ્યવસ્થા માટે ૩ જણને વારાફરતી મોકલવામાં આવ્યા ; પરંતુ તેઓ ન ગોઠવી શક્યા. છેલ્લે મારે એક વર્ષ માટે જવાનું ગોઠવાયું. ત્યાંના સ્થાનિક લોકોને આ બાગ ગામાયત કામ માટે લેવાની ઇચ્છા હતી અને આપણે સંભાળેલ તેથી કાયમ ઝઘડો થતો રહેતો. એવા ઝઘડાને ઉકેલવો કઠિન હતો.

હું નવાકામ એક વર્ષ રહ્યો તે દરમિયાન છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ ત્યાં એક માસ કેન્દ્રનિવાસ માટે આવેલા. શ્રી યશવંતભાઈ, શ્રી દલસુખભાઈ, શ્રી જિતુભાઈ અને શ્રી મુનિભાઈ તથા માધુભાઈ ગાયક વગેરે એક માસ માટે નવાગામ રહેલા. બગીચાના કામ ઉપરાંત રાત્રિશાળા ચલાવવા જવાની ગોઠવણ કરેલી. ઘરનાં ફાનસ, ચૉક, સ્લેટ–પાટીયાં લઈને જતા તોપણ ભણવા આવવાની આનાકાની કરતા. થોડા જણ થોડા દિવસ ભણેલા. સાજામાંદે શ્રી મુનિભાઈ દવા આપવા જતા. તેની યાદ આજે પણ લોકો કરે છે. ત્યાં

આ બધું કામ કરનારા છોકરાઓ નબાપા –અનાથાશ્રમના છે તેવી છાપ હતી. લોકભારતીમાં નઈતાલીમ સંમેલનમાં તેમાંના ૫–૭ જણ આવ્યા પછી એ છાપ ભૂંસાઈ.

ગામના જમીન અંગેના પ્રશ્ન અંગે એક વખત ગામ સાથે ઝઘડાનું સ્વરૂપ ઉગ્ર બનતાં પૂ. મનુભાઈને સણોસરાથી જીપ લઈને આવવું પડેલું. વચ્ચે નાવલી નદીમાં જીપ પાણીનાં પૂરમાં તણાઈ. નેસડીના જાણીતા સહુની મદદથી જીપ પૂરમાંથી કાઢી. મહામહેનતે નવાગામ પહોંચ્યા.ઝઘડાનું સમાધાન થયું. પાછળથી એ ઝઘડો કરનાર પૈકી કેટલાક ભાઈઓ ખેતીના પાકો માટે સંપર્કમાં આવ્યા અને મિત્રો બની ગયા. તેમાંના એક બહુ જ ઓછા ભણેલા શ્રી ભાભાભાઈ ખેડૂત આપણી દોરવણી મુજબ ઘઉં વાવતા. તાલુકા – જિલ્લામાં ઉત્પાદનમાં પ્રથમ આવેલા. પોતાને મળેલું ઇનામ લોકભારતીને ભેટ આપેલ અને પ્રથમ આવવા બદલ લોકભારતીનો આભાર માને છે. બીજા વર્ષે તેઓ રાષ્ટ્રિય કક્ષાએ ઘઉં હરીફાઈમાં ઊભા રહ્યા. રાષ્ટ્રીય કક્ષાએ ઘઉંનું વિક્રમ ઉત્પાદન મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. દિલ્હીમાં રાષ્ટ્રપતિના હાથે તેમને રૂા. ૫૦૦૦નું ઇનામ મળ્યું. રેશમી શાલ ઓઢાડી તેમનું બહુમાન કરવામાં આવ્યું. આમ તેઓ કૃષિપંડિત બન્યા. આપણે તેમને પ્રથમથી જ માર્ગદર્શન આપેલું તેથી બધો યશ તેમણે લોકભારતીને આપેલો. જેઓ ઝઘડો કરતા હતા તેઓ આ પ્રકારે નજીકના સ્નેહી બની ગયા. આજે પણ તેઓ અને ઝઘડો કરનારા સૌ સંસ્થાના અતિ નજીકના સ્નેહીજન બની રહ્યા છે. જીવણલાલભાઈને જેમાં નુકસાનજતું હતું એ બાગ આજે સંસ્થાને અડધા લાખનોનફો દર વરસે આપે છે.

નવાગામ એક વર્ષ રહીને સણોસરા ફરી આવવાનું અને મકાન બાંધકામ સંભાળવાનું ગોઠવાયું. મકાન બાંધકામ એકાદ વર્ષ સંભાળ્યા પછી મેં લોકભારતીમાં તાલીમ લેવાની ઇચ્છા દર્શાવી. ભણવાની જરૂર છે તેથી વિશેષ જરૂર કામ સંભાળવાની છે, તેમ જણાવ્યા પછી પણ મને માસિક ૧૦૦ રૂપિયા શિક્ષણ સહાય અને રહેવાના મકાનની સગવડ આપેલી. સીધા ત્રીજા વર્ષમાં દાખલ થવાની અનુમતિ મળી. એક માસ વર્ગો ભર્યા. દરમિયાન પૂ. નાનાભાઈએ મકાનના કામની ખૂબ તકલીફ પડે છે માટે ભણવાનુંબંધ કરી કામે લાગી જવા સૂચના ફરમાવી. મેં ડિગ્રીની જરૂરિયાત જણાવી. મને જણાવવામાં આવ્યું કે , ભાઈ, તને અમે વગર ડિગ્રીએ ડિગ્રીવાળો ગણીએ છીએ. બી. એ. અને બી. એસ. સી.એગ્રી.ને રૂ. ૧૧૦નો સ્કેલ મળે છે. તને અમે એમ. એસ. સી. ગણીને ૧૫૦ રૂ.નો સ્કેલ કાલથી આપશું. સંસ્થાના કામને મહત્ત્વનું ગણીને કામે લાગી જા. પૂ. નાનાભાઈ , મનુભાઈની આ વાત માન્ય રાખી માથે ચડાવી બીજે જ દિવસે ડિગ્રીનો મોહ છોડી ભણવાનું બંધ અને મકાનકામ તથા ખેતી બંને કામની જવાબદારી સંભાળવાની ગોઠવણ કરવામાં આવી. છેલ્લાં પાંચ વર્ષથી જેમણે ખેતી સંભાળેલી તેમણે વાર્ષિક રૂ. ૫૦૦૦થી વિશેષ નફો થવાની મર્યાદા દર્શાવેલી. મને આ કામમાં સાથે રહેલા નિયામકશ્રી પૂ. નાનાભાઈએ જણાવ્યું. મારી ઇચ્છા પ્રમાણેની ગોઠવણ કરવાની શરતે મેં એ કામ સંભાળ્યું. પ્રથમ વર્ષે જ રૂપિયા પાંચના બદલે ૧૦ હજારનો નફો થયો. બીજા વર્ષે રૂપિયા ૨૦ હજાર નફો થયો. ઉત્તરોઉત્તર વધતાં એક લાખ ચોખ્ખો નફો થવા લાગ્યો. આ સમય

દરમિયાન આથી પણ વિશેષ નફો કરવાની યોજના વિચારાઈ . એ સમય દરમિયાન નેશનલ સીડ કોર્પોરેશન, દિલ્હીના સંપર્કમાં હું આવેલો અને નવા પાક ઉત્પાદન, બીજ ઉત્પાદન કાર્યક્રમ દિલ્હીમાં જોવા બે–ત્રણ વખત ગયેલો. એ નવી યોજના મુજબ ઘઉંનું નવું બી – ઉત્પાદન શરૂ કર્યું.તે જ અરસામાં સંકર – ૪ કપાસનું બીજ બનાવવાનું આપણી ખેતીમાં ઉમેર્યું. ધીમે ધીમે મગફળી, કપાસ, શાકભાજી વગેરેનાં નવાં હાઈ બ્રીડ બીજ બનાવવાનું શરૂ કર્યું.

આગળ વિચારાયા અનુસાર ખેતીની ઊપજમાં વધારો કરવાનું અનિવાર્ય હતું. સંસ્થાનો વધેલો ખર્ચ, કાર્યકરોના પગાર વધારાનો પ્રશ્ન , મોંઘવારી – આ બધા પ્રશ્નોને પહોંચી વળવા નફો વધે તેવાં પગલાં લીધે જ છૂટકો હતો. આ બાબતની બધી વિચારણાને અંતે તેની જવાબદારી પૂ. મનુભાઈએ મારા ઉપર નાખી. જવાબદારી સાથે જ સભાનતા વધે છે . એ ન્યાયે મેં ખેતી તરફ ખૂબ જ કાળજીપૂર્વક ધ્યાન કેન્દ્રિત કર્યું.

ખેતીની સાથે મકાન બાંધકામની જવાબદારી હતી જ. અરણેજ નવાગામ ફાર્મ સંભાળવા ઉપરાંત માઈધારની નવી ખેતી પણ શરૂ કરેલી. તેની જવાબદારી મને જ સોંપવામાં આવેલી. મારી પોતાની ૨૦૦ વીઘાં જમીનની અંશતઃ જવાબદારી પણ હતી.

ઓછા વરસાદ, પાણીની ખેંચ , અપૂરતા ભાવો , નવી જ ખેતી – આ બધાંની વચ્ચે નફો કરવો એટલુંજ નહીં પણ વધારીને ૧॥ લાખ કરવો એ સૌને મન અઘરું લાગતું હતું. તે છતાં આ જવાબદારી સોંપાઈ અને મેં સ્વીકારી.

ખેતીની ઝીણવટભરી નજર, મહેનત, મૅનેજમેન્ટ, પાણીની ગોઠવણ અને માલસંગ્રહ કરી વધારે ભાવે માલ વેચાણ – આટલી મહત્ત્વની વાતો તરફ જાગૃતિ રાખી. ઊપજમાં વધારો કરવા બીજ ઉત્પાદન અને વધુ પાક ઉત્પાદન પદ્ધતિ અપનાવી. પરિણામે ઊપજ અને આવક વધ્યાં. ખર્ચ ઘટ્યો. પરિણામ સીધું જ દેખાય એવું બન્યું. નફો એક લાખથી વધીને દોઢ લાખ સુધી પહોંચ્યો. બગીચાની ખેતીની આવક પણ ધીમે ધીમે વધી. ચીકુ, આંબા અને બોરની ખેતીમાં ફળની આવક શરૂ થઈ. પરિણામે સવા-દોઢ લાખનો નફો કરતી ખેતી સ્થિર થઈ. પૂ. નાનાભઈ –મનુભાઈની સંસ્થાના સ્વાવલંબનના સિદ્ધાંતના અમલમાં સાથ આપવાની મને એક તક મળી. આ બધી કામગીરીમાં –કુંભાર કાચાં માટલાં ઘડે ત્યારે અંદર ન દેખાય તે રીતે પથ્થરનો ટેકો રાખીને ટીપે , માટલાંને ધાર્યો ઘાટ આપે છતાં ન ફૂટે એ ન્યાયે મને અંદરથી બળ આપી પોતે ધારેલો મારો ઘાટ બંને જણાએ ઘડ્યો. એ વાત મારા ધ્યાન બહાર ન હતી. આજે પણ નથી.

આવકની સ્થિરતાથી મૅનેજિંગ ટ્રસ્ટી અને નિયામક બંનેને મનથી હળવાશ રહી. પરંતુ વધતા ખર્ચને પહોંચી વળવા એથી પણ નફો વધારવાની ફરજ ઊભી થઈ. ૧૯૫૬થી ૧૯૮૦ સુધીમાં નફો વધીને

૨ લાખ રૂપિયા થયો, જે છેલ્લાં વર્ષોમાં દોઢ–બે લાખની વચ્ચે દુષ્કાળ બાદ કરતાં જળવાઈ રહ્યો. સરકાર તરફથી મળતી સહાય વધી તેથી એ પ્રશ્ન ઊકલ્યો.

નવાં બી બનાવવાં, નવા પાકનું આયોજન કરવું વગેરે બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરેલું , પરંતુ ઉત્પન્ન થયેલ નવો માલ સંકર –૪નું રૂ બનતું તેની બજારમાં ખેડૂતોને યોગ્ય કિંમત ન મળતી . તે દરમિયાન સમગ્ર સૌરાષ્ટ્રના ૩૦૦ ખેડૂતોની એક સહકારી મંડળી કરી રૂ વેચાણનો પ્રશ્ન હલ કરવા પ્રયત્ન કર્યો. મંડળીની જવાબદારી ડૉ. વિઠુભાઈ પટેલ , શ્રી દલસુખભાઈ પટેલ અને તેમની સાથે અમે ૫-૭ મિત્રોએ મળીને લીધી. સંકર –૪ કપાસ ૧૪ લાખ રૂપિયાનો એકઠો કરી સહકારી ધોરણે પ્રોસેસિંગ કરી ગુજરાત સરકાર મારફત ૧૦ લાખ રૂપિયાનું રૂ બાંગલાદેશને વેચેલું. પરિણામે ખેડૂતોને બજારના ભાવથી મણે ૨૦થી ૨૫ રૂપિયાનો ભાવવધારો મળેલો. બીજે વરસે આ જવાબદારી બીજાને સોંપી મારું ધ્યાન સંસ્થાની ખેતી સધ્ધર બનાવવા કેન્દ્રિત કરવું એવો આદેશ થયો. ખેતીના નવા બીઉત્પાદન કાર્યક્રમમાં સૌરાષ્ટ્રભરના ૩૦૦થી ૪૦૦ ખેડૂતોને અમે સંસ્થામાં નોતર્યા. સંકર–૪નું અને ઘઉંનું બીજ બનાવી સૌરાષ્ટ્ર વિસ્તારમાં વિશેષ વપરાતું થાય તેનો ખ્યાલ આપવા સંસ્થાની ખેતી ઉપર જ ખેડૂત શિબિર રાખવામાં આવતા. તેની સમજણ–જ્ઞાન આપવામાં આવતું. ઉત્પન્ન થયેલ બીની બધી વ્યવસ્થા–વેચાણ સુધ્ધાં કરવા એક મંડળ સહકારી રીતે ઊભુ કર્યું. તેનો વહીવટ ખેતી વિભાગે ૫ –૭ વર્ષ ચલાવેલો. તેની પૂરી સફળતા પછી બીજા સભ્યોને સોંપેલ.

આજે સૌરાષ્ટ્રભરમાં જીરાનો નવો પાક રોકડિયા પાક તરીકે જાણીતો છે. તેની શરૂઆત લોકભારતીમાં જ કરેલી. આમ કપાસ બી ઉત્પાદન, કપાસમંડળ, ઘઉં બી ઉત્પાદન, મગફળી બી ઉત્પાદન, આંબા, ચીકુ, લીંબુની કલમો બનાવી ખેડૂતોને સસ્તા દરે આપવામાં આવતી. સંસ્થાની આસપાસનાં ૧૦૦ ગામોને આનો સીધો અને આડકતરો લાભ મળી જ રહેતો. આજે પણ સંસ્થાની ૨૦ માઈલની ત્રિજ્યાવાળા એરિયામાં ખેતીની નવી ઝલક જોવા મળે છે.



# ઘરખેતી, કુટુંબ અને ગ્રામજીવનની વાતો

સંસ્થાની ખેતીની પ્રગતિ કરવામાં નવા અનુભવજ્ઞાનનો લાભ મને ઘણો થયો . મારું ઘડતર પણ ઘણું થયું. આંબલાનાં ૩ વર્ષમાં જે શિક્ષણ મળ્યું તેનો ઉપયોગ કરતાં કરતાં અહીંના ૨૪ વર્ષના કામમાં અનુભવ–જ્ઞાન ઘણું મળ્યું. ખેતી , મકાન–બાંધકામ ઉપરાંત નવા પાક –સંશોધનની લગની મનમાં ઊભી થઈ. સંસ્થાની ખેતી ઉપરાંત ખેડૂત જગતની મુશ્કેલીઓ કેમ ઉકેલી શકાય તે દૃષ્ટિ પૂ. નાનાભાઈ , મનુભાઈ પાસેથી મળી. બંને સંસ્થાના શિક્ષણને લીધે આજે મારી ખેતી ઉપર રહી તે દૃષ્ટિએ તેનો અમલ કરવા પ્રયત્નશીલ છું. ૧૯૫૫થી ૧૯૮૦ સુધી ૨૪ વર્ષ સંસ્થામાં રહીને ૫૭ વર્ષની ઉંમરે હું મારી ઘરખેતી કરવા ઘેર આવ્યો. મહિને ૫ દિવસ સંસ્થાની ખેતી જોવા, જરૂર મુજબ સલાહ–માર્ગદર્શન માટે જવાનું કામ ગોઠવાયેલું. તેથી તે મુજબ સંસ્થામાં જવાનું ગોઠવતો. બીજા સમયમાં મારું અંગત ખેતીકામ કરતો.

સંસ્થાની શિક્ષણસૃષ્ટિમાં ૩૬ વર્ષ રહ્યો તે દરમિયાન મારું પોતાનું જ ઘડતર થયું એમ નહીં મારા ઘરનાં બધાં સભ્યો સંસ્થામાં ભણ્યાં–બે દીકરી, બે દીકરા ચાર જણ –ગ્રેજ્યુએટ થયાં, આગળ ભણી ડબલ ગ્રેજ્યુએટ થયાં. મારાં પત્ની જેઓ બે ચોપડી ભણેલાં હતાં , તેમણે પણ પી.ટી.સી સુધીનું શિક્ષણ સંસ્થામાં જ પ્રાપ્ત કર્યું અને ૧૫ વર્ષ બાલમંદિર–પ્રાથમિક શાળા ચલાવવામાં ગાળ્યાં.

મારા સમગ્ર કુટુંબના સભ્યોને ત્યાં રહેવાથી ઓછા ખર્ચે શિક્ષણ મેળવવાનો લાભ મળ્યો. હું પોતે લોકભારતીમાં "આજીવન સભ્ય" હતો. તેથી બાળકોને ભણવામાં વિશેષ સગવડ મળતી. આ શિક્ષણના સંસ્કારોને લીધે કૌટુંબિક રીતે અમે સૌ સુખી છીએ એમ કહું તો અતિશયોક્તિ ન ગણાય. મારાથી પણ વિશેષ સંસ્કારલાભ મારાં પત્નીએ મેળવ્યો. મારાં કેટલાંય કાર્યોમાં , નિર્ણયોમાં એમની સમજણશક્તિ વધુ માલૂમ પડી છે. મને પણ માર્ગદર્શક બને છે. એ રીતે પણ હું સુખી થઈ શક્યો ; પરંતુ આ બધું શિક્ષણબળ બંને સંસ્થાને આભારી છે, તેમ હૃદયપૂર્વક માનું છું.

નાણાકીય રીતે સધ્ધર બધાં કુટુંબો સંસ્કારી જ હોય તેમ ન પણ બને. નાણાંને લીધે સંસ્કાર પ્રાપ્ત થાય છે તેમ પણ બનતું નથી હોતું. સંસ્કાર આપનાર સધ્ધર હોય તો સરળતાથી સંસ્કાર પ્રાપ્ત થાય છે. એ ન્યાયે ગામડામાંથી ઊભડ કુટુંબના છોકરાઓને શોધી લાવી સંસ્કારસંપન્ન બનાવી , જ્ઞાનસમૃદ્ધ બનાવી સંસ્કારી અને સમૃદ્ધ બનાવવાનું કામ પૂ. નાનાભાઈ, મનુભાઈએ જીવનભર કર્યું છે. આવો લાભ મને બેવડો મળ્યો છે. તેના થોડા છાંટા પણ જો મારાથી ગામડાં તરફ નાખી શકાય તો ઋણ અદા કર્યાનો સંતોષ મેળવી શકું. આજે ગામડામાંજ રહીને એવું કામ કરવાને પ્રયત્નશીલ છું. તેની થોડી વિગત તપાસીએ.

લોકભારતીમાં બાજરાનું બી બનાવવાનું ૩ –૪ વર્ષ ચાલ્યું. પછી એક વખતે આ પદ્ધતિ મારા ગામમાં દાખલ થાય એવા હેતુથી જિલ્લા ખેતીવાડી અધિકારીને લઈને માલપરા ગયો. થોડા ઘરડા

કુટુંબીજનોને એકઠા કરી બાજરા બી ઉત્પાદનની વાત કરી. સાથે બીના નમૂના હતા , તે જોઈને એક –બે વૃદ્ધજનોએ પોતાનો અભિપ્રાય ઉચ્ચાર્યો, “આ કાંગ જેવું બી છે, તેનું મોટું બી બને ? હાઈબ્રીડ બને ? અને આવું કાંગ બી કોણ લે ? આવું અમારે કરવું નથી – તારે ઠીક છે ! સરકારી મોટરમાં બેસીને આ આવ્યો અમને ગળે પાટા બાંધવા.” મારી વાતને હસીને મૂર્ખાઈભરી માની કાઢી નાખી. અજ્ઞાનવૃદ્ધ –વડીલોને બાજુએ રાખી જુવાનિયા ૪ –૬ જણને મળ્યો. તેમણે આ અખતરો લોકભારતીમાં જોયેલો. વાત સમજી સ્વીકારી – બાજરાનું બી ઉત્પાદન કરવાનું સ્વીકાર્યું. એક મોસમ પૂરી થઈ અને દરેક જુવાન ખેડૂતને ૨૦થી ૩૦ હજારનું બી પાક્યું. બીજ ગુ. રા.બીજ નિગમે સંભાળી લીધું. સમયસર નાણાં મળી ગયાં. એ જમાનામાં બાજરાનો ભાવ મણનો ૨૦–૨૨ હતો. તે સમયમાં એક મણ હાઈબ્રીડ બીનો ભાવ રૂ ।. ૧૧૦ – મળ્યો. સૌને સામાન્ય બાજરાની ઊપજથી અઢીથી ત્રણ ગણી ઊપજ જેટલાં નાણાં મળ્યાં. બીજે વર્ષે સૌ કોઈને યોજનામાં જોડાવાની ઇચ્છા થઈ. બીજા વર્ષે અજ્ઞાનવૃદ્ધ વડીલો સૌ પહેલાં મળ્યા અને ગમે તેટલી ખોટ જાય તોય આ યોજના કરવી જ છે તેવો દૃઢ નિર્ણય જણાવ્યો.મેં આખા ગામની આ યોજનામાં જોડાવા અપીલ કરી. સહર્ષ સ્વીકારાઈ. ગામના કોળી, હરિજન, ભરવાડ, અને નાનામાં નાના ખેડૂતને પણ જોડવા જણાવ્યું. સમગ્ર ગ્રામજનો આ યોજનામાંજોડાયા. મોસમને અંતે સૌને અણધાર્યો લાભ થયો. અઢી–ત્રણ લાખ રૂપિયા ગામમાં આવ્યા. બીજા વર્ષે આસપાસનાં ૪ ગામ પણ આ યોજનામાં જોડાયાં. ખીજડીઆ, પાટણા, ઘોઘાસમડી, ગુંદાળા, માલપરા – આમ પાંચ ગામમાં આ યોજના લેવાઈ. વર્ષના અંતે ૧૦ લાખનું બીજ બન્યું પછી દર વરસે સંકર –૪નું બી, ઘઉં બી ઉત્પાદન વગેરે શરૂ થયું. માલપરાની આસપાસનાં ગામોમાં પણ શરૂ થયું. સૌને આર્થિક લાભ મળ્યો. છેલ્લાં થોડાં વર્ષોથી ભાવનગર જિલ્લામાં માલપરા સીડવિલેજ – બિયારણનું ગામ ગણાવા લાગ્યું છે. લોકભારતીની આ યોજનાથી આવાં અનેક ગામો – અનેક ખેડૂતોને પાક ઉત્પાદનમાં – બીજ ઉત્પાદનમાં લાભ મળેલ છે.

રાજપરા ૧૯૮૦માં મારી ઘરખેતી ઉપર કામ શરૂ કર્યું. છેલ્લાં ૧૦ વર્ષથી કપાસ , એરંડા, ગુવાર, મગફળી, ભીંડા, રજકો વગેરેનું બીજ ઉત્પાદન કામ મારા ફાર્મ પર ચાલતું હતું. આસપાસનાં આઠ –દસ ગામના ખેડૂતોને આ બધાં બી અપાતાં હતાં. તેથી સંપર્ક વિશેષ ચાલુ જ હતો. નવા ઘઉં કલ્યાણ સોના , જે–૨૪ વગેરે ૪૦ વીઘાં કરીને ૧૦૦૦ ખેડૂતોનું સંમેલન રાજપરા ફાર્મ પર બોલાવેલું. પ્રમુખસ્થાને ખેડૂતને જ બેસાડેલા. રૂ. ૩૫૦૦ના ખર્ચનો બોજ અમે જ ભોગવેલો. આ સંમેલનની અસરના પરિણામે આસપાસના ખેડૂતો બી લેવા, નવાં બી બનાવવાની સલાહ માટે અવિરત આવ્યે જ રહેતા

મારા વાડીના રહેણાક પછી એ પ્રવાહ શરૂ રહ્યો અને આસપાસનાં ૮ ગામોમાં આવા કામસર જવાનું મેં શરૂ કર્યું. જીરાનો પાક આ વિસ્તારમાં વવાતો ન હતો. શરૂઆત ફાર્મ પર કર્યા પછી ગામના ૪–૬ જણાને સમજાવ્યા છતાં જલદી પગ માંડતા ન હતા. મેં મારું ઘરનું બી પાંચ જણાને ઉછીનું આપીને પરાણે તૈયાર કર્યા. દવાનો પમ્પ , પાઉડર છાંટવાનું સાધન આપવા અને પાંચ વખત વિઝિટે જવાનું

સ્વીકાર્યા પછી ૫–૭ જણે જીરું વાવ્યું. સૌને વીઘે ૧૫૦૦–૧૭૦૦ની આવક થઈ અને પાંચ–છ પાણથી આ ઊપજ મળી, તેથી ફાયદો જણાયો. એક જણ બી પાછું આપી ગયો તેને હવે પસ્તાવો થયો. પરંતુ બીજા વરસે ગામના ૨૫ જણા પોતાની મેળે તૈયાર થઈ ગયા. આસપાસનાં આઠ ગામના સૌને એક-બે વખત વાત કરી. સૌએ ઝપાટાબંધ આ વાત સ્વીકારી. મેં શરત રાખી કે એક ગામે એક –બે વખતથી વધુ વિઝિટ નહી કરું. તે પણ સ્વીકાર્ય થયું. બધા જ ખેડૂતોએ જીરું વાવ્યું. આજે તો એ આઠ ગામમાં દરેક ખેડૂતને ૫૦થી ૨૦૦ મણ જીરું પકવી લાભ લેતા જોઈને અમે ભારે આનંદ અનુભવીએ છીએ.

તે જ પ્રમાણે કપાસનું સી. જે. ૭૩નું ફાઉન્ડેશન બી તથા ઘઉંનું સર્ટિફાઈડ બી બનાવનાર અનેક જણ લાભ મેળવે છે. નવું બી લઈ તે બી પોતે જ બનાવે તેવી વાત સાથે મર્ગદર્શન પણ આપું છું. ખેડૂતો બીજ બનાવવામાં સ્વાવલંબી બને તે મહત્ત્વની વાત બંને પક્ષે આનંદદાયક બની રહી છે.

જીરૂં, બી–ઉત્પાદન સાથે જ એગ્રોફોરેસ્ટ્રી પણ શરૂ કરી છે. પાંચ વીઘાંની નીલગિરિ; પાંચ વીઘાંમાં સાગ, વાંસ,સીસમ પણ વાવ્યાં છે. વનશિબિર પણ મારા ફાર્મ પર રાખીને ૫૦ જણનો તાલીમ શિબિર બે દી' ચલાવ્યો. તેના વાવેતર માટે પણ લોકો તૈયાર થયા છે. નીલગિરિ, વાંસ વગેરેનું વાવેતર શરૂ થયું છે. હજુ સાગ, સીસમ જોયા પછી ૧૦૦ % વાવેતર થશે જ . તેમાં કોઈ શંકા નથી. સાગ જોવા ૧૦૦ જેટલા ખેડૂતો મારી વાડીએ આવી ચૂક્યા છે.

મારી ખેતીમાં એક વરસ શીંગનો પાક નબળો થયો. આસપાસના બધા ખેડૂતોની પણ આ જ સ્થિતિ હતી. વીઘે એક મણ મગફળી વાવી અને ત્રણ મણ થઈ. સૌરાષ્ટ્રના ૧૦ ગામે જઈ તપાસ કરી તો સૌની આ જ –"ગાંઠનું ગોપીચંદ જાય તેવી" સ્થિતિ હતી. આ સ્થિતિ સમગ્ર સૌરાષ્ટ્રના મગફળી વાવતા ખેડૂતોની હતી.

સૌરાષ્ટ્રમાંમોટાભાગના ખેડૂતો મગફળી વાવે છે . અનિયમિત વરસાદ, કૂવામાં ઓછાં પાણી અને પાણી પાવાની પદ્ધતિ – આ બધી બાબતો અંગે ઝીવણટભરી તપાસ શરૂ કરી. ૮૦% જમીનમાં થતો મગફળીનો પાક નિષ્ફળ જાય તો ખેડૂત –આલમ જીવતી ન રહે. તે કોયડાનો કેમ નિકાલ કરવો તે પ્રાણપ્રશ્ન બની ગયો.

અનેક ખેડૂતોને મળ્યો. એમ. એસસી., પીએચ.ડી. ભણેલા ખેડૂતો અને જિલ્લા ખેતી અધિકારી તથા ડાયરેક્ટર ઑફ એગ્રીકલ્ચર – અમદાવાદને આ બાબત મળ્યો. ગુજરાત સરકારના સંશોધન વિભાગના વડાને મળ્યો. સેન્ટ્રલ ગવર્નમેન્ટના સંશોધન વડા શ્રી મિશ્રાજીને જૂનાગઢ મળ્યો. મગફળીનું હાઈબ્રીડ બી બનાવવા રૂપિયા એક કરોડ ખર્ચ કરે છે. તેમની પાસેથી જવાબ મળશે તેમ માન્યું. પરંતુ કોઈ જગ્યાએથી નક્કર જવાબ ન મળ્યો. સૌના અભિપ્રાય –મત જાણી જાત –અનુભવના આધારે આ પ્રશ્નના ઉકેલ માટે

યોજના વિચારી. આ યોજનામાં અનેક જણના અભિપ્રાય અને આધારભૂત માહિતી ઉપયોગી બન્યાં છે અને તેમાં પણ ખેડૂતોના અભિપ્રાય વધુ અસરકારક, ઉપયોગી અને માર્ગદર્શક બન્યા છે, એમ સ્પષ્ટપણે માનું છું.

મગફળીના પાકને પાણી પાવાનો સમય સચવાય એટલે કે ફૂલ ઊઘડે અને સૂયા બેસતી વખતે દર પાંચ–છ દિવસે પાણી અપાય તે અગત્યની વાત મારા ધ્યાન ઉપર આવી. આ પદ્ધતિએ પાણી પાવાની ખેડૂતોને ધારી સગવડ હોતી નથી. અનિયમિત વરસાદ, કૂવામાં ઓછાં પાણી અને જેટલું પાણી છે તેટલું પાવાની પદ્ધતિ ખામીભરી છે , એવું તારણ શોધી કાઢવામાં આવ્યું. તેના નિકાલ માટે જમીનને ૩ ઈંચ પલાળી શકાય તેવી ગોઠવણ કરવાની જરૂર જણાઈ. આ માટે સાધનની તૈયારી કરી કિંમત જાણી. રૂ. ૨૦ હજારના ખર્ચે આ પદ્ધતિ અપનાવી શકાય તેમ જણાયું. નાણાંની મુશ્કેલી હતી. તો પણ સમગ્ર ખેડૂત આલમનો આ પ્રશ્ન ઉકેલવા નાણાં ગમે તેમ કરી મેળવ્યાં. પાણી પાવાનું આ સાધન – "ફુવારા પદ્ધતિ" સેટ મેળવી ચોમાસા પહેલાં ફાર્મ ઉપર તૈયાર રાખ્યું.

વાવણી પછી ૩૫ દિવસે સૂયા બેસતી વખતે વરસાદની જરૂર હોવા છતાં , થયો નહીં. આમ ૨૧ દિવસ વરસાદ વિનાના ગયા, તે દરમિયાન નવા સાધનની ફુવારા પદ્ધતિ સેટની મદદથી મેં ત્રણ વખત પાણી ૧૦ વીઘાંમાં આપેલું. આ પદ્ધતિથી ૩ –૪ ઈંચ જમીનને પાણી પાવાની સગવડ થઈ. આ પ્રકારે પાણી પાવાની સાથોસાથ ઓઈલ એન્જિનથી પણ ૧૦ વીઘાંમાં પાણી પાયું. બંને પદ્ધતિનાં ખર્ચ – ઊપજ અલગ રાખ્યાં. મશીનથી એક પાણનો ખર્ચ રૂા. ૯૦ થયો , જ્યારે ફુવારા પદ્ધતિથી રૂા. ૩૦ ખર્ચ થયો. ઉપરાંત પાણીનો બચાવ ૫૦ % થયો. મશીનથી પાણી પાઈએ તેથી ડબલ જમીનમાં ફુવારા પદ્ધતિ વડે પાઈ શકાયું. આ પ્રકારનાં ત્રણ પાણી પાયા પછી મશીન વડે પાયેલ પ્લૉટનું ઉત્પાદન વીઘે ૧૦ મણ થયું. ફુવારા પદ્ધતિ વડે પાણી પાયેલ મગફળીનું ઉત્પાદન વીઘે પંદર મણ થયું. અરધા પાણી અને ૧/૩ ખર્ચથી ઊપજ દોઢી થઈ. આ સાધનનો લાભ જણાયો.

ધીમે ધીમે આ વાતથી વાકેફ થતાં જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી અંજારિયા સાહેબ જોવા આવ્યા. ડાયરેક્ટર ઑફ એગ્રીકલ્ચર – ગુજરાત સ્ટેટ શ્રી પાઠક સાહેબ પણ જોવા આવ્યા. તેઓ આ પદ્ધતિ જોઈ ખુશ થયા અને આ પદ્ધતિનો લાભ અન્ય ખેડૂતો મેળવે એ માટે આ બાબતનો લેખ ફૂલછાબમાં પ્રગટ કરવા મને જણાવ્યું. આ પદ્ધતિથી પાકેલ મગફળી વીઘે ૧૫ મણ થશે તેમ પાક જોઈને તેમનો અભિપ્રાય થયો. ઉત્પન્ન ૧૦ વીઘામાંથી ૧૫૦ મણ થયું.

પાક ઊભો હતો તે દરમિયાન આ અંગેનો લેખ ફૂલછાબમાં પ્રગટ થયો. એ વાંચીને વીઘે ૧૫ મણ મગફળી લેવા ઇચ્છતા ૪૦૦ ખેડૂતોના પત્રો મને મળ્યા અને એ સૌ ખેડૂતો અગાઉ કાગળ લખી નાખીને મગફળી અને ફુવારા પદ્ધતિ જોવા આવવા લાગ્યા. સાથોસાથ જૂનાગઢ , રાજકોટ, અમરેલી, ભાવનગર,

જામનગર – પાંચ જિલ્લાના ખેતી અધિકારીઓ, જમીન સંરક્ષણ અધિકારીઓ વગેરે પણ – સો જણા – આ પદ્ધતિ જોવા ડાયરેક્ટરશ્રીના હુકમથી આવવા લાગ્યા. ભાવનગર જિલ્લાના ૨૦૦ ગ્રામ સેવકો અને અધિકારીઓની એક શિબિર મારા ફાર્મ પર યોજવામાં આવી. સૌએ આ પદ્ધતિ જોઈ અનુભવી , સ્વીકારી. આ અંગેના બીજા બે –ત્રણ લેખ ફૂલછાબમાં પ્રગટ થયા. સરકારશ્રીએ આવાં સાધનો સબસીડી આપીને આપવાં જોઈએ તથા તળાવના પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા અંગે પણ લેખ લખ્યો. મગફળીની ઊપજ–ઉત્પન્ન વધે, ખેડૂતો સુખી બને, તેલનો પ્રશ્ન હલ થાય, સરકારનો તેલ અંગેનો માથાનો દુઃખાવો દુર થાય, સ્વાવલંબન વધે અને કેન્દ્ર સરકાર ૭૦૦ કરોડ રૂપિયા તેલની આયાતમાં ખર્ચે છે તે બચે – આવી અનેક બાબતો અંગે મારા લેખમાં સૂચનો કર્યાં.

એકાદ વરસને અંતે સરકારશ્રીએ આ ફુવારાપદ્ધતિ ઉપરસબસીડી એક ખેડૂતને રૂપિયા ૫૦૦૦ જાહેર કરી. બેંકોએ લોન આપવાનું શરૂ કર્યું. આજે સૌરાષ્ટ્રમાં ૩૦૦ ખેડૂતો આ સેટ વાપરતા થઈ ગયા છે.

આ પદ્ધતિના નિરીક્ષણ માટે આઠ પત્રકારો ફાર્મની મુલાકાતે આવી ગયા. આકાશવાણી રાજકોટ તરફથી આ પદ્ધતિ અંગેની માહિતી ટેપ કરવા રાજપરા આવી ગયા. ત્રણ મહિના આકાશવાણી ઉપરથી આ કાર્યક્રમ રિલે કરવામાં આવ્યો.

આજે આ પદ્ધતિ મુજબ અનેક ખેડૂતોએ દોઢું ઉત્પાદન મેળવેલ છે. કમીગઢ – અમરેલી જિલ્લાના શ્રી બાબુભાઈ ગોવિંદભાઈ કીકાણીએ ફુવારા પદ્ધતિ વડે વીઘે ૨૭ મણ મગફળીની ઊપજ લીધી છે. આવા તો અનેક દાખલા છે. કેટલાક સરકારી અધિકારીઓનો મત પણ આ બાબતમાં જાણવા જેવો છે.

કેન્દ્ર સરકારના એક પ્રવાસમાં હરિયાણા જવાનું બન્યું. ત્યાં પાણીની ખેંચ વધુ છે. ફુવારા પદ્ધતિના ૨૫૦૦ સેટ નહેર પર ગોઠવી સરકાર અછતના સમયમાં ધાર્યું ઉત્પાદન મેળવે છે. એ આપણે ત્યાં પણ કરવા જેવું છે. કૂવા, તળાવનાં પાણી હાલ છે તેટલાં પાણીથી દોઢું–બમણું ઉત્પાદન મેળવી શકાય તેમ છે તેવો મારો નમ્ર મત છે. એ પ્રમાણે કરી આપવાની તૈયારી છે.

મગફળી ઈઝરાયેલમાં વીઘે ૪૦ મણ લે છે. તેના વિશેષ અભ્યાસ માટે આવતા એકાદ વર્ષ પછી ઈઝરાયેલ જવા વિચાર છે. સાથે સૌરાષ્ટ્રના ૨૦ જેટલા જુવાન ખેડૂતો મગફળી પકવવાનો અભ્યાસ કરવા આવવા જેમણે સંમતિ આપેલ છે તેમને પણ લઈ જવા છે , જેથી સમગ્ર સૌરાષ્ટ્રમાં આ પદ્ધતિ અપનાવવામાં સરળતા ઊભી થાય.

આ બધી બાબતોના પ્રશ્ન અંગે વિચારવાનું છે. આવા કામને મહત્ત્વ આપવું જોઈએ એમ માનું છું. એનો સઘળો યશ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને લોકભારતી સણોસરા સંસ્થાને ફાળે જાય છે. પૂ.

નાનાભાઈ, મનુભાઈ, મુ. બુચભાઈ , મુ. મૂળશંકરભાઈ અને બીજા નામી-અનામી અનેક શિક્ષકોએ જીવનભર અપૂર્વ સેવા બજાવી છે તેનું આ પરિણામ છે એમ હું માનું છું.

---

નઈતાલીમનો વિચાર માત્ર શાળામાં એક ઉદ્યોગ દાખલ કરવાથી અટકતો નથી. ઉત્પાદક ઉદ્યોગ એ આવતી કાલના સંસ્કારી સમાજનું એક મુખ્ય લક્ષણ હશે. એટલે ઉત્પાદક ઉદ્યોગ તો શાળામાં હશે જ , પણ નવા યુગના લોકશાહીનાં બીજાં આવશ્યક નવાં લક્ષણો પણ નઈતાલીમમાં પડ્યાં છે. સામાન્યમાં સામાન્ય આદમીની પણ પ્રતિષ્ઠા , ઊંચ-નીચ, ગરીબ-તવંગર, અભણ-ભણેલ, કાળા-ધોળા, હિન્દુ-મુસલમાન વગેરે જે અનેક પ્રકારના ભેદ આપણા સમાજમાં આજે દેખાય છે તે ભેદોનો નાશ અને નવાં મૂલ્યાંકનો ઉપર રચાયેલો એક નવો માનવસમાજ – આ બધાં નઈતાલીમના ગર્ભમાં પડ્યાં છે.

**નાનાભાઈ ભટ્ટ**



# શ્રી વલ્લભભાઈ પટેલ

શ્રી વલ્લભભાઈ મોનાભાઈ પટેલનો જન્મ તા. ૧૬-૭-૧૯૨૩ના રોજ માલપરા (તા. ગઢડા) મુકામે થયો હતો.

માલપરા જેવા નાના ગામમાં ઊભડિયા કુટુંબમાં જન્મ. ગામમાં જ ચાર ચોપડી ભણી , આંબલા લોકશાળામાં ૩ વર્ષ ભણ્યા. આંબલા લોકશાળામાં ખેતી વિભાગ તથા પ્રાથમિકશાળા – આમ ત્રણ વિભાગમાં ૧૨ વર્ષ કામ કર્યું. લોકસેવક વર્ગમાં સેવાગ્રામ એક ખાદીવિદ્યા શીખ્યા , હિંદી સેવક પરીક્ષા આપી. ૭ વર્ષ હિંદી પ્રચારમાં માનદ સેવા આપી.

લોકભારતીમાં ૧૯૫૫થી ૧૯૮૦ સુધી સંસ્થાની ખેતીની જવાબદારી સંભાળી. સાથેસાથે મકાન બાંધકામની જવાબદારી પણ સફળતાપૂર્વક અદા કરી.

ખેતીની આવક વાર્ષિક પાંચ હજારથી શરૂ કરી ૨ લાખ રૂપિયા સુધીની મેળવવામાં અગ્ર ભાગ ભજવ્યો. ખેતી વિભાગમાં નવા પાકોનું આયોજન , નવાં બીજ બનાવવાં, લોકોમાં તેનો વપરાશ વધે , ખેડૂતો નવી પદ્ધતિ અપનાવે તે બાબતમાં વિશેષ રસ દાખવી ખેતી અને ખેડૂતોનો પ્રશ્ન હલ કરવામાં ખેડૂત સહકારી મંડળી બનાવી સફળ સંચાલન કર્યું.

આજે પોતાની ઘરખેતી કરે છે. સૌરાષ્ટ્રમાં મગફળીની ખેતી સુધરે , તેમાં ધાર્યું ઉત્પાદન મળે તે હેતુસર સિંચાઈની "ફુવારા પદ્ધતિ"નો સૌથી પ્રથમ પ્રયોગ પોતાના ફાર્મ પર કરી સફળતા મેળવી. મગફળીની વધુ ઊપજ સૌરાષ્ટ્રના ખેડૂતો મેળવે તે માટે ઈઝરાયેલ જઈ વધુ અભ્યાસ કરવા ઈચ્છા રાખે છે. પોતાના ફાર્મ પર એગ્રોફોરેસ્ટરી પણ શરૂ કરી છે.

સૌરાષ્ટ્રમાં મગફળીની ઊપજ વધે તેવા પ્રયત્નો કરવા, તેમાં નડતા પ્રશ્નો ઉકેલવા એ હાલ તેમના રસના વિષયો અને કાર્યક્ષેત્રો છે.

